# મોદીની પ્રશંસા કરતા અડવાણી

કોરબા,તા. ૧૬

ભાજપના વરિષ્ઠનેતા અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણીએ આજે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ભારે પ્રશંસા કરી હતી અને કહ્યુ હતુ કે નરેન્દ્ર મોદી પર તેમને ગર્વ છે. અડવાણી હાલમાં જ મોદીની વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પસંદગી કરવામાં આવ્યા બાદ નાખુશ દેખાઈ રહ્યા હતા. પરંતુ આજે અડવાણી મોદીની પ્રશંસા કરતા નજરે પડ્યા હતા. અડવાણીએ એમ પણ કહ્યુ હતુકે જો મોદી દેશના વડાપ્રધાન બનશે તો આ બાબત દેશના હિતમાં રહેશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે જુદા જુદા રાજ્યોમાં તેમની પાર્ટીની સરકારો દ્વારા ઉઠાવવામાં આવેલા પગલા ખૂબજ સફળ રહ્યા છે. વિકાસ માટે લેવામાં આવેલા પગલા હવે સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે. અડવાણીએ છત્તીસગઢના કોરબા જિલ્લામાં ૫૦૦ મેગાવોટ ક્ષમતાના કોરબા પશ્ચિમતાપ વિજળી પ્રોજેક્ટનું લોકાર્પણ કર્યુ હતુ. ભાજપ દ્વારા મોદીને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કર્યા બાદ પ્રથમવાર સામાન્ય સભાને સંબોધતા અડવાણીએ કહ્યુ હતુ કે ગુજરાત દેશમાં એવું પ્રથમ રાજ્ય છે જ્યાં દરેક ગામમાં ૨૪ કલાક વિજળી ઉપલબ્ધ છે. ગુજરાતને આ સિદ્ધિ અપાવવામાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે તેમની પાર્ટીએ મોદીને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે. મોદીએ ગુજરાતના વિકાસમાં મહત્વપૂર્ણ કામગીરી અદા કરી છે. પૂર્વ નાયબ વડાપ્રધાનના આ નિવેદન દરમિયાન રમણસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. રમણસિંહની પણ અડવાણીએ પ્રશંસા કરી હતી અને કહ્યુ હતુ કે રમણસિંહ સામાન્યલોકો અને યુવાનની ચિંતા કરે છે. છત્તીસગઢને વિજળીના મામલામાં ખૂબ સફળતા રમણસિંહે અપાવી છે. અડવાણીએ મોડેથી પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે મોદીને પીએમપદના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. જો મોદી વડાપ્રધાન બનશે તો દેશના હિતમાં રહેશે. અડવાણીએ કહ્યુ હતુ કે તેમને એવી માહિતી મળી છે કે જ્યારે રાજયમાં પ્રથમ વખત અમારી



સરકાર બની હતી ત્યારે વિજળીની કમી હતી અને કોઈ પણ ઉર્જાવિભાગની જવાબદારી લેવા ઈચ્છુક ન હતા. મોડેથી મુખ્યમંત્રી રમણસિંહે ઉર્જા વિભાગની જવાબદારી સંભાળી લીધી છે અને હવે આ ક્ષેત્રમાં વિકાસના નવા રેકોર્ડ સર્જાયા છે. છત્તીસગઢમાં આજે પૂરતા પ્રમાણમાં વિજળી છે. રાજ્યના ઉર્જા વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ કહ્યુ હતુ કે હસદેવ વિજળી વિસ્તરણ યોજના હેઠળ આ નવાવિજળી નિર્માણથી ૩૬૭૧ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આના શુભારંભની સાથે છત્તીસગઢમાં વિજળી કંપનીની કુલ ઉત્પાદન ક્ષમતા ૧૯૨૪ મેગાવોટથી વધીને ૨૪૨૪ મેગાવોટ થઈ ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે અડવાણી છેલ્લા બે-ત્રણ દિવસથી ભારે નાખુશ દેખાઈ રહ્યા હતા. મોદીની વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પસંદગી કરવામાં આવ્યા બાદથી તેઓ નાખુશ થતા ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં પણ તેઓ ઉપસ્થિત રહ્યા ન હતા. હાલમાં તેમને મનાવવાના પ્રયાસ ચાલી રહ્યા હતા. સુષ્મા સ્વરાજ દ્વારા પણ તેમને મનાવવાના પ્રયાસ કરાયા હતા.

# વડાપ્રધાને મુજફ્ફરનગરના હિંસાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી

લખનૌ,તા. ૧૬

વડાપ્રધાન મનમોહનસિંહ આજે મુજફ્ફરનગરના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં પહોંચ્યા હતા અને કોમી હિંસાનો શિકાર થયેલા લોકો સાથે વાતચીત કરી હતી. વડાપ્રધાનની સાથે યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી, કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી, કેન્દ્રિય ગૃહરાજ્યમંત્રી આરપીએન સિંહ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાને કહ્યુ હતુ કે તેઓ તેમના દુઃખ, દર્દમાં સામેલ થવા માટે પહોંચ્યા છે. જે લોકો પણ કોમી હિંસા માટે જવાબદાર છે તે લોકોને સજા મળવી જોઈએ. તેમણે એમ પણ કહ્યુ હતુકે સરકારની આ જવાબદારી છે કે જાનમાલની સુરક્ષાની ખાતરી કરવામાં આવે જેથી લોકો પોતાના ઘરમાં પરત ફરી શકે. વડાપ્રધાને એમ પણ કહ્યુ હતુકે જ્યાં સુધી સમગ્ર મામલાની ચકાસણી થતી નથી ત્યાં સુધી લોકો સુરક્ષિત છે તેમ માની શકાય નહીં. મનમોહનસિંહે અનેક મુદ્દા પર વિસ્તારપૂર્વક વાત કરી હતી. સિંહે એમ પણ કહ્યુ હતુકે તમામ બાબતો વ્યવસ્થિત કરવા માટે જે કાંઈ પણ પગલા લેવાની જરૂર છે



તે પગલા લેવામાં આવશે. રાજ્યસરકારની ટીકા કર્યા વગર તેમણે કહ્યુ હતુ કે વ્યવસ્થામાં ભારત સરકાર ઉત્તરપ્રદેશ સરકારની સંપૂર્ણપણએ મદદ કરશે. વિપક્ષ પર કોંગ્રેસના આરોપો વાળી લાઈન પર આગળ વધતા વડાપ્રધાને ઉમેર્યુ હતુકે અમારા પ્રયાસ રહેશે કે જે લોકો આવી દુર્ઘટનામાં સામેલ થયા છે તે લોકોને કઠોર સજા કરવામાં આવે. આ પ્રસંગે વડાપ્રધાન સાથે પહોંચેલા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ મીડિયા સાથે કોઈ વાત કરી ન હતી. સોનિયા ગાંધી પીડિતોને મળ્યા હતા અને તેના દુઃખ-દર્દ જાણવાના પ્રયાસ કર્યા હતા. એક દિવસ પહેલા જ હિંસાગ્રસ્ત વિસ્તારમાં મુખ્યમંત્રી અખિલેશ યાદવ પણ પહોંચ્યા હતા. અખિલેશ યાદવે ખાતરી આપી હતી કે હિંસામાં માર્યા ગયેલા લોકોના પરિવાર પૈકી કોઈ એક સભ્યને સરકારી નોકરી અપાવશે. એટલામાં ઓછુ હોય તેમ જે લોકોના ઘર હિંસાના ભાગરૂપે નષ્ટ થઈ ગયા છે તેમને વ્યવસ્થિત કરાવવામાં આવશે. અખિલેશ મુજફ્ફરનગરના પ્રવાસમાં હિંસાવેળા માર્યા ગયેલા પત્રકાર રાજેશ વર્માના ઘરે પણ પહોંચ્યા હતા. ઉત્તરપ્રદેશના સાંપ્રદાયિક હિંસાને મોટા બનાવ તરીકે ગણાવીને સિંહે કિલરો સામે કઠોર પગલા લેવાની ખાતરી આપી હતી. નવી દિલ્હીથી આશરે ૧૩૦ કિલોમીટરના અંતરે મુજફ્ફરનગર જિલ્લામાં તાજેતરમાં બે દશકની સૌથી વિનાશકારી હિંસા ભડકી ઉઠી હતી. આ હિંસામાં હજુ સુધી ૪૮ના મોત થઈ ચુક્યા છે અને ૧૦૦ લોકો ઘાયલ થઈ ચુક્યા છે. ૪૩ હજાર લોકો કામચલાઉ સેન્ટરમાં આશ્રય મેળવી રહ્યા છે. સરકારની જવાબદારી લોકોની સુરક્ષાની ખાતરી કરવાની રહેશે. મુજફ્ફરનગરમાં બુલધાના રોડના નિવાસીઓ સાથે વાતચીત કરતા વડાપ્રધાને કહ્યુ હતુકે શાંતિ જાળવી રાખવામાં આવે તે જરૂરી છે.

## મુજફ્ફરનગર હિંસા સંદર્ભે ગૃહમાં ભારે ધાંધલ ધમાલ


લખનૌ,તા. ૧૬

ઉત્તરપ્રદેશ વિધાનસભાનું મોનસૂન સત્ર આજે તોફાનીરીતે શરૂ થયુ હતુ. પ્રથમ દિવસે જ મુજફ્ફરનગરમાં તાજેતરમાં જ ભડકેલી સાંપ્રદાયિક હિંસાનો મામલો છવાયેલો રહ્યો હતો. તમામ રાજકીય પક્ષોએ આ મુદ્દો ઉઠાવીને ધાંધલ ધમાલ મચાવી હતી. મુજફ્ફરનગરમાં ભડકેલી હાલની હિંસાને બે દશકની સૌથી વિનાશકારી હિંસા તરીકે ગણવામાંઆવે છે. આ હિંસામાં ૪૮ લોકોના મોત થઈ ચુક્યા છે. ૧૦૦થી વધુ લોકો ઘાયલ થઈ ચુક્યા છે. હજારો લોકોને રાહત છાવણીમાં રહેવાની ફરજ પડી રહી છે. વિધાનસભા સત્રના પ્રથમ દિવસે બહુજન સમાજ પાર્ટી અને રાષ્ટ્રીય લોકદળના સભ્યો ગૃહની વચ્ચોવચ પહોંચી ગયા હતા અને સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. લોકોને સુરક્ષા ઉપલબ્ધ કરાવવાના રાજ્યસરકાર સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે તેવા આક્ષેપો પણ કરવામાં કરવામાં આવ્યા છે. વિપક્ષના નેતા સ્વામીપ્રસાદ મૌર્યના નેતૃત્વમાં બસપ ધારાસભ્યોએ જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા અને તમામ મોરચે નિષ્ફળતાના આરોપસર અખિલેશ યાદવ સરકારના રાજીનામાની માંગ કરી હતી. ધારાસભ્યોને કાબૂમાં લેવામાં નિષ્ફળતા મળ્યા બાદ વિધાનસભાના અધ્યક્ષ માતાપ્રસાદ પાંડેએ ગૃહની કામગીરી પ્રથમ ૧૫ મિનિટ માટે મોકુફ કરી હતી ત્યાર બાદ એક કલાક માટે મોકુફ કરી હતી. મૌર્ય અને નસિમુદ્દિન સિદ્દિકીના નેતૃત્વમાં બસપના નેતાઓએ સરકાર સામે લોબીમાં પણ સૂત્રોચ્ચાર કર્યા હતા. ધરણાઓ પણ યોજવામાં આવ્યા હતા. વિધાનસભામાં સરકાર અને વિરોધપક્ષ વચ્ચે જોરદાર હોબાળો થયો હતો. મુજફ્ફરનગર હિંસાનો મામલો હજુ રાજકીય ગરમી જગાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. મુજફ્ફરનગર હિંસા બાદ આજે વડાપ્રધાન મનમોહનસિંહ પણ અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચ્યા હતા. ગઈકાલે મુખ્યમંત્રી અખિલેશ યાદવ પણ હિંસાગ્રસ્ત વિસ્તારમાં પહોંચ્યા હતા અને ઘણીબધી ખાતરીઓ અસરગ્રસ્ત લોકોને આપી હતી. અસરગ્રસ્ત પરિવારના એક સભ્યને નોકરીની વાત પણ કરવામાં આવી હતી.

# દેશમાં ડેન્ગ્યૂના કેસોમાં બે ગણો વધારો થયો : હેવાલ

નવી દિલ્હી,તા. ૧૬

ભારતમાં વર્ષ ૨૦૧૩માં ડેન્ગ્યુના કેસોમાં બે ગણો વધારો થયો છે. ડેન્ગ્યુના કેસના મામલામાં સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં સતત વધારો નોંધાયો છે. નવેસરના આંકડા દર્શાવે છે કે ગયા વર્ષે આ જ ગાળામાં ૮૮૯૯ કેસોની સરખામણીમાં ડેન્ગ્યૂના કેસો ૨૦૧૩માં વધીને ૧૭૪૯૨ સુધી પહોંચી ગયા છે. આ ચિંતાજનક આરોગ્યનું ચિત્ર હાલમાં જ ઉપસી આવ્યું હતું. રાજ્યોની વાત કરવામાં આવે તો કેરળ ડેન્ગ્યુના કેસોના મામલામાં સૌથી આગળ રહ્યું છે. કેરળમાં ડેન્ગ્યૂના ૫૯૪૭ કેસો નોંધાયા છે. ડેન્ગ્યૂના કારણે કેરળમાં ૨૦ લોકોના મોત પણ થયા છે. આવી જ રીતે કર્ણાટકમાં ડેન્ગ્યૂના વર્ષ ૨૦૧૩માં ૪૦૩૯ કેસો નોંધાયા છે. તામિલનાડુમાં ૩૦૭૯ કેસો નોંધાયા છે. જો કે તામિલનાડુમાં કોઈનું પણ મોત થયું નથી પરંતુ કર્ણાટકમાં ડેન્ગ્યૂના કારણે ૧૧ લોકોના મોત થયા છે. જુદા જુદા કારણોસર ડેન્ગ્યૂના રોગચાળામાં વધારો નોંધાયો છે. ડેન્ગ્યૂના કેસો બે ગણા થયા છે. સત્તાવારીરતે આ આંકડો છે પરંતુ નિષ્ણાંતોનો મત છે કે આ આંકડો ખૂબ મોટો છે. એક વખતે સિઝનલ અને શહેરી રોગ તરીકે



ગણાતા ડેન્ગ્યૂએ હવે નિયમિત ગાળામાં આતંક મચાવ્યો છે. જુલાઈ સુધીના આંકડા ઉપર નજર કરવામાં આવે તો આ આંકડો વધીને ૧૭૪૯૨ સુધી પહોંચી ગયો છે. મોટાભાગના મોટા શહેરો ડેન્ગ્યૂના સંકંજામાં આવી ચૂક્યા છે. ગ્રામીણ વિસ્તારોમાં પણ હવે ડેન્ગ્યૂએ તેમનો સંકંજો જમાવ્યો છે. ડેન્ગ્યૂ હવે કોઈ સિઝ્નલ સમસ્યા રહી નથી પરંતુ વર્ષભર આ રોગચાળો જોવા મળે છે. કેરળ, મહારાષ્ટ્ર, તામિલનાડુ અને કર્ણાટકમાં આ રોગચાળાએ જોરદાર સંકંજો જમાવ્યો છે. અતિ ઝડપથી અને આડેધડ શહેરીકરણના લીધે પણ તેના કેસોમાં વધારો થયો છે. મોટી સંખ્યામાં નિષ્ણાંતો અને વૈજ્ઞાનિકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ડેન્ગ્યૂના કેસમાં વધારો થવા માટે ઘણા પરિબળો જવાબદાર રહ્યા છે. દર વર્ષે મલેરિયાના કારણે પણ ૨ લાખ લોકોના મોત થઈ જાય છે. નિષ્ણાંતોનો અંદાજ છે કે દર વર્ષે ભારતમાં ડેન્ગ્યૂના કેસો ૩૭ મિલિયનથી પણ વધુ નોંધાય છે. સરકારી આંકડા અને બિનસત્તાવાર આંકડા વચ્ચે ખૂબ અંતર છે. આ રોગચાળાને રોકવા માટે કોઈ ચોક્કસ પ્રકારની સારવાર ઉપલબ્ધ નથી. માત્ર લક્ષણ દેખાયા બાદ સારવાર શક્ય બને છે. તબીબોની સલાહ છે કે ડિ હાઈડ્રૂશનને ટાળવા માટે પૂરતા પ્રમાણમાં ફ્લુઈડનો ઉપયોગ લેવામાં આવે તે જરૂરી છે. ઊંચા તાવ અને ઊલટીથી ડિહાઈડેશનની અસર થઈ જાય છે. ડેન્ગ્યૂના લક્ષણોની વાત કરવામાં આવે તો તેના લક્ષણો મોટાભાગે સામાન્ય નથી. એક અગ્રણી મેગેઝિનમાં આંકડાકીય માહિતી પ્રકાશિત કરાતા તંત્રની ઊંઘ હરામ થઈ ગઈ છે.

# અંકુશરેખા પર પાકિસ્તાનનો ફરી વખત ભીષણ ગોળીબાર

જમ્મુ,તા. ૧૬

પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ કાશ્મીરમાં પુંચ જિલ્લામાં ભારતીય ચોકી પર ફરી એકવાર ગોળીબાર કર્યો હતો. રવિવાર બાદથી પાકિસ્તાની સૈનિકોએ બે વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. સેનાના પ્રવક્તાએ માહિતી આપતા કહ્યુ છે કે પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા ગોળીબારના કારણે ફરી એકવાર તંગ સ્થિતિ થઈ ગઈ છે. ભારતીય સેનાના પ્રવક્તા કર્નલ આરકે કાલિયાએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે પાકિસ્તની સૈનિકોએ પુંચ જિલ્લામાં અંકુશરેખાના મંડી અને ગરહી વિસ્તારમાં ગોળીબાર કર્યો હતો. આજે વહેલી સવાર સુધી ગોળીબારનો દોર જારી રહ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે પાકિસ્તાની સેનાએ નાના હથિયારો અને ઓટોમેટિક તથા મોર્ટારનો ઉપયોગ કર્યો હતો.

રવિવારે ૧૧.૩૦ વાગ્યે ગોળીબાર થયા બાદ આજે વહેલી સવાર સુધી ગોળીબાર ચાલ્યો હતો. ભારતીય સૈનિકોએ પણ જવાબી કાર્યવાહી જારી રાખી હતી. ગોળીબારનો દોર આજે વહેલી પરોઢે ૩.૪૫ વાગ્યા સુધી જારી રહ્યો હતો. પુંચ જિલ્લામાં રવિવાર બાદથી પાકિસ્તાની સેના દ્વારા દ્વિપક્ષીય યુદ્ધવિરામનો બીજી વખત ભંગ કરવામાં આવ્યો છે. નવેમ્બર ૨૦૦૩માં બે પડોશી દેશો વચ્ચે યુદ્ધવિરામની સમજૂતિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા પરંતુ ત્યારબાદથી બંને દેશો વચ્ચે ખેંચતાણની સ્થિતિ રહી છે. ભારતે આ વર્ષની શરૂઆતથી જ યુદ્ધવિરામની સમજૂતિનો ભંગ કરી બિનઉશ્કેરણીજનકરીતે ગોળીબાર કરવાનો આક્ષેપ કર્યો છે. શુક્રવારના દિવસે બંને દેશોના નેતાઓની બેઠક મળી હતી અને અંકુશરેખા પર યુદ્ધવિરામને જાળવી રાખવા માટે વાતચીત થઈ હતી પરંતુ વાતચીત થયાના બે દિવસ બાદ પાકિસ્તાને ફરીવાર ગોળીબાર કર્યો છે.

# આસારામની જ્યુડિશિયલ કસ્ટડી ૧૪ દિવસ વધી ગઈ

જોધપુર,તા. ૧૬

સગીરા પર બળાત્કારના આક્ષેપોનો સામનો કરી રહેલા વિવાદાસ્પદ ગોડમેન આસારામને હજુ કોઈ પણ રાહત મળી નથી. આસારામ ૩૦મી સપ્ટેમ્બર સુધી જેલમાં જ રહેશે કારણ કે તેમની



જ્યુડિશિયલ કસ્ટડીની અવધિ આજે ૧૪ દિવસ સુધી લંબાવી દેવામાં આવી હતી. આસારામ અને તેમના સાથી શિવાને ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા જ્યાં મેજિસ્ટ્રેટ મનોજકુમારે તેમના જ્યુડિશિયલ કસ્ટડીને લંબાવી હતી. સગીરા પર બળાત્કારના આક્ષેપો અને ફરિયાદ નોંધાવ્યા બાદ પહેલી સપ્ટેમ્બરના દિવસે ઈન્દોરમાંથી ૭૨ વર્ષીય આસારામની ધરપકડ કરવામાં આવી હતી. ૭૨ વર્ષીય આસારામે જેલની અંદર તેમને મળવા એક તબીબને મંજુરી આપવા મેજિસ્ટ્રેટ સમક્ષ રજુઆત કરી હતી જો કે મેજિસ્ટ્રેટે ડિફેન્સ વકીલની ગેરહાજરીમાં આ મુદ્દે કોઈ પણ ટિપ્પણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો દરમિયાન આસારામના વકીલે હાઈકોર્ટમાં જામીન માટેની અરજી પણ કરી હતી. તેમના જોધપુર આશ્રમમાં આસારામ દ્વારા જાતિય અત્યાચાર કરવાનો સગીરાએ આક્ષેપ કરીનો એફઆઈઆર નોંધાવ્યા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી જો કે આસારામે હજુ સુધી બળાત્કારના આક્ષેપોને રદિયો આપ્યો છે દરમિયાન આસારામ દ્વારા જે સગીરા પર અત્યાચાર ગુજારાયો હતો તે સગીરાના વકીલે દાવો કર્યો હતો કે જાતે બની બેઠેલા ગોડમેનના સમર્થકો તરફથી તેમને સતત ધમકી મળી રહી છે. ભોગ બનેલી સગીરાના વકીલ મનીષ વ્યાસે દાવો કર્યો હતો કે તેના પિતાને ધમકી આપવામાં આવી છે અને આસારામ સામે તેમની પુત્રીના નિવેદને પરત ખેંચી લેવા સૂચના પણ આપવામાં આવી છે. ઓડિયો ક્લીપનો ઉલ્લેખ કરતા વ્યાસે કહ્યુ હતુ કે સગીરા અને તેના પરિવારના સભ્યોને સતત આસારામના સમર્થકો તરફથી ધમકી મળી રહી છે. પરિવારને પૂરતી સુરક્ષા આપવાની માંગણી પણ કરવામાં આવી હતી. યુવતિએ આક્ષેપ કર્યો હતો કે જોધપુરમાં આસારામના આશ્રમમાં તેના પર આસારામે જાતિય દુષ્કૃત્ય આચર્યુ હતુ.

# દિલીપ કુમાર તબિયત હજુય સ્થિર : લાખો ચાહકો ચિંતિત

નવી દિલ્હી,તા. ૧૬

બોલિવુડના સૌથી મહાન અભિનેતા દિલીપકુમારની હાલત હજુ પણ સ્થિર બનેલી છે. બે દિવસ સુધી દિલીપકુમારને ઓબ્ઝરવેશન હેઠળ રાખવાની સૂચના આપવામાં આવી છે. તબીબો તેમના આરોગ્ય પર નજર રાખી રહ્યા છે. દિપીલ કુમારની તબિયત ખરાબ થવાના સમાચાર બાદ બોલિવુડમાં ચિતાનું મોજુ ફરી વળ્યુ છે. દિલીપ કુમારને હાલમાં લીલીવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શ્વાસ લેવાની તકલીફની ફરિયાદ કર્યા બાદ તેમને રવિવારે રાત્રે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમના પરિવારના સભ્યોએ આજે સવારે માહિતી આપતા કહ્યુ હતુકે તબિયત તેમની સ્થિર છે. દિલીપ કુમાર ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરવામાં આવી રહી છે. આ મહિનાની ૧૩મી તારીખે પણ તેમની તબિયત બગડી હતી. તે વખતે તેમને વાયરલ ફિવરની અસર થઈ હતી. જો કે ત્યાર બાદ તેમની તબિયતમાં સુધારો થયો હતો. ૧૪ વર્ષ અગાઉ દિલીપ કુમારે ઓપન હાર્ટ સર્જરી કરાવી હતી. હોસ્પિટલની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા અભિનેતાના પત્નિ અને વિતેલા વર્ષોના અભિનેત્રી સાયરાબાનુએ આ મુજબની માહિતી આપી હતી. ૯૦ વર્ષીય દિલીપ કુમારને ગઈકાલે મોડી રાત્રે નવ વાગ્યે બાંદ્રા પશ્ચિમમાં લીલાવતી હોસ્પિટલમાં લવાયા હતા કાર્ડિયોલોજિસ્ટની ચકાસણી હેઠળ તેમને રાખવામાં આવ્યા છે. લિલાવતી હોસ્પિટલના તબીબોએ કહ્યુ છેકે તેમની તબિયતને લઈને ચિંતાની જરૂર નથી. માત્ર નિરીક્ષણના હેતુસર આઈસીયુમાં રાખવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના લઘુમતી વિકાસ બાબતોના પ્રધાન નસિમખાન આજે સવારે હોસ્પિટલમાં પહોંચ્યા હતા અને તેમના પત્નીને મળ્યા હતા. દિલીપ કુમાર મોગલે આજમ, મધુમતિ, દેવદાસ, ગંગાજમના જેવી ફિલ્મોમાં યાદગાર ભૂમિકા માટે જાણિતા રહ્યા છે. ફિલ્મ સમ્રાટને મળવા માટે ચાહકોની સાથે સાથે ટોચની સેલિબ્રિટીઓ પહોંચી રહી છે.

# ચેમ્પિયન્સ લીગ ટ્વેન્ટી ૨૦ આજથી શરૂ

મોહાલી,તા. ૧૬

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે ચેમ્પિયન્સ લીગ ટી-૨૦ ચેમ્પિયન્સ શીપ આવતીકાલથી શરૂ થઈ રહી છે. ચેમ્પિયન્સ લીગમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સામેલ તમામ ટોચના દેશોમાંથી આવતી શ્રેષ્ઠ ટીમો ભાગ લેશે. આ ચેમ્પિયન્સ લીગ ૧૭મી સપ્ટેમ્બરથી શરૂ થયા બાદ ૬થી ઓકટોબર સુધી ચાલશે. ચેમ્પિયન્સ લીગની ફાઈનલ મેચ નવી દિલ્હીમાં ફિરોઝશાહ કોટલા મેદાન પર છઠ્ઠી ઓકટોબરના દિવસે રમાશે. ટુર્નામેન્ટમાં કુલ ૨૯ મેચો રમાશે. આ ચેમ્પિયન્સ લીગમાં કુલ ૧૨ ટીમો ભાગ લઈ રહી છે. ઇનામની રકમ છ મિલિયન




અમેરિકી ડોલર રાખવામાં આવી છે. ચેમ્પિયન્સ લીગમાં ભારત તરફથી ત્રણ ટીમો, ઓસ્ટ્રેલિયા તરફથી બે ટીમો, દક્ષિણ આફ્રિકા તરફથી બે ટીમો ભાગ લઈ રહી છે. ઉપરાંત વિન્ડીઝ તરફથી એક ટીમ ભાગ લઈ રહી છે. આ તમામ ટીમો ટુર્નામેન્ટ માટે પહેલાથી જ ક્વાલિફાઈ થઈ ચૂકી છે. જ્યારે અન્ય ચાર ટીમોમાં ન્યૂઝીલેન્ડ સ્થાનિક ટીમની વિજેતા, પાકિસ્તાનની વિજેતા, શ્રીલંકાની વિજેતાનો સમાવેશ થાય છે. ચોથી ટીમ ઇન્ડિયન પ્રીમીયર લીગની ટીમ રહેશે. અન્ય ચાર ક્વાલિફાઇ ટીમમાં સનરાઈઝ હૈદરાબાદ, ફેસલાબાદ વોલ્વ, કંદુરાતા અને ન્યૂઝીલેન્ડની ઓટેગોનો સમાવેશ થાય છે.

ક્વાલિફાઇમાંથી ટોચની બે ટીમો ગ્રૂપમાં સ્થાન મેળવશે. ગ્રૂપ એમાં જે ટીમોને સ્થાન આપવામાં આવ્યું છે તેમાં મુંબઈ ઇન્ડિયન્સ, રાજસ્થાન રોયલ્સ, હાઈવેલ્ડ લાઈન અને પર્થ તથા ટીબીસીનો સમાવેશ થાય છે. જ્યારે ગ્રૂપ બીમાં જે ટીમો છે તેમાં ચેન્નાઈ સુપર, ટાઈટન, બ્રિસબેન હીટ, ત્રીનીદાદ એન્ડ ટોબેગો અને ટીબીસીનો સમાવેશ થાય છે. મોટાભાગની મેચો મોહાલી, દિલ્હી, જયપુર, રાચી, અમદાવાદમાં રમાશે. અમદાવાદમાં આ સ્પર્ધાની ઘણી મેચો રમાનાર છે જેમાં મુંબઈ ઇન્ડિયન્સની મેચોનો સમાવેશ થાય છે. ઘણા સ્ટાર ખેલાડીઓ પણ મેદાનમાં ઉતરી રહ્યા છે જેમાં માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરનો પણ સમાવેશ થાય છે.